

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*અમિતજી વિંઝે તલવાર, પક્ષની ઢાલ છે -*
*ને પાથરે કાંટા, પક્ષની રક્ષિત ચાલ છે.*
*જીભ મારે લોચા ને ખાલ પર પડે ફટકા -*
*વિચાર્યા વિના પકડે શિંગડાં એવો તાલ છે...*

### હાઈકુ

*શાંતિ હવને -*
*હોમે, ને બીજો ઠારે,*
*પૂર્વ-યોજિત ?!*

*લગાડે આગ,*
*બંબો રાખે તૈયાર -*
*ઝેર-પારખાં ?!*

### ચિંતન

*વાદ વિવાદાં મત કરો, કરુ નિત એક વિચાર,*
*નામ સુમિર ચિત્ત લાયકે, સબ કરની મેં સાર.*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આપણે સૌ માનવીઓ દરેક વાતમાં અને દરેક વિષયમાં આપણા મનથી જે વિચારીએ તે વાત અને તે વિષય જ સાચો છે તેમ લાગે છે. બીજા કોઈના વિચારો કે અભિપ્રાયો આપણે સ્વીકારતા નથી.

'હું જ સાચો છું' એવું આપણું કથન આપણને કયારેય છોડી શકતા નથી. આ વાતને સાબિત કરવા આપણે ઉગ્ર ચર્ચા કરવા ઊતરી પડીએ છીએ. સામાન્ય લાગતી આ ચર્ચા કયારે વિવાદનું સ્વરુપ ધારણ કરી લે છે.તેનો ખ્યાલ જ આપણને આવતો નથી. આવા વાદ-વિવાદમાં જ્યારે એક બીજાનાં 'અહમ' ટકરાય છે ત્યારે નજીવી અને સામાન્ય લાગતી વાત મોટા ઝઘડાનું કારણ બની જાય છે. જેમાંથી ઊભું થતું મનદુઃખ કયારેક દુશ્મનાવટ પણ ઊભી કરી દે છે.

આથી કબીર કહે છે કે, 'હે માનવો !! તમે જો મુમુક્ષુતા ઈચ્છતા હોય તો આવા ખોટા વાદવિવાદના ચક્કરમાં પડશો નહીં. મનને ભગવત્ સ્મરણમાં વ્યસ્ત રાખો કારણ કે નામ સ્મરણ એ જ સર્વ કર્મોમાં ઉત્તમ છે, અને મોક્ષરૂપી ઉત્તમ ફળનું સાધન પણ તે જ છે. તેથી જિજ્ઞાસુઓએ વાદ-વિવાદ ત્યાગી સતત પરમ પદનાં સાધનરુપ આત્મચિંતન કરવાની શીખ આપી છે.'

### સુવિચાર

- દેર લગેગી મગર સહી હોગા, હમેં જો ચાહિયે વહી હોગા એક દિન, કયોંકિ દિન બુરે હૈ જિંદગી નહીં - **ફઝલખાન**
- 'અવસર' બરફ જેવો હોય છે, વિચારતા રહો ત્યાં સુધીમાં તો ઓગળી જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધો ત્યારે નબળા પડે જયારે, એકમેકને 'પામવા' નીકળેલા બેય એકબીજાને 'પામવા' લાગે - **જીવન પાથેય**
- કેવી રીતે વાત કરવી.... એનો કોઈ કલાસ હોતો નથી.... પણ તમે જે રીતે વાત કરો તેના પરથી તમારો 'કલાસ' નક્કી થતો હોય છે - **પ્રવિણ સોલંકી**
- સળગતા રહે એ પ્રકાશ આપે... બળતા રહે એ ધુમાડા કાઢે - **રોહિત શાહ**
- ઉગતો સૂર્ય અને દોડતા ઘોડાના પોસ્ટર રાખવાથી 'પ્રગતિ' થતી નથી... પ્રગતિ માટે આપણે 'સૂર્ય' પહેલાં ઊઠીને 'દોડવું' પડે છે - **મનહર મોદી**
- આજનું ઔષધ : પચાસ મિલિ તાંદળજાનો રસ સાકર નાખીને પીવાથી હાથપગની બળતરા તથા પેશાબની બળતરા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગુરુએ મન એકલું તો કદી રહેતું જ નથી. એને પકડવા માટે કંઈક ને કંઈક જોઈએ જ છે, તો મનને સારી વસ્તુ પકડવામાં જ શાણપણ છે આ વાત સારી રીતે સમજાવવા એક હાસ્યકથા શિષ્યોને કહી. કથામાં બે મિત્રો જંગલમાં થાકીને વિસામો કરતાં બેઠા, એક મિત્રએ બેઠા બેઠા સિસકારા બોલાવવાનું શરૂ કર્યુ. એટલે બીજાને નવાઈ લાગી તેણે પૂછ્યું, 'ભાઈ આ શું કરે છે?' બીજાએ કહ્યું, ભાઈ હું મજેદાર મસાલેદાર કઢીની લિજ્જત માણું છું. અને એ કઢી તો આમ સબડકા લઈને જ પીવાની મજા આવે ને ...!!' બીજાએ પૂછ્યું, 'આમા કયાંક કઢીનું વાસણ તો દેખાતું નથી. તો કઢી ક્યાંથી આવી ?? તું ગાંડો થઈ રહ્યો છે કે શું ?' પહેલાં મિત્રએ કહ્યું, 'મને ભૂખ લાગી છે, અને ખાવા માટે કંઈ નથી એટલે માનસિક રીતે કઢી વિશે વિચારીને કઢી પીઉં છું.' આવો જવાબ સાંભળીને બીજો મિત્ર હસવા લાગ્યો. તેણે કહ્યું, 'ભલા માણસ... ખરો મૂર્ખ છે તું...!! માનસિક વિચાર કરીને જ ખાવાનું હતું તો લાડવા અને સાથે ફરસાણનું ભોજન કરવું હતું એકલી કઢી ની શું જરૂર હતી ?' ગુરુએ કહ્યું, 'આપણે સૌ એવા જ છીએ.. ભૂખ સંતોષવા પેલા એ લાડવા કે ફરસાણના સ્થાને કઢી પકડી... એટલે બધા હસ્યા, આપણા મનને કોઈક ને કોઈક વસ્તુ પકડાવવી જ પડશે તો મનને ઉચ્ચમાં ઉચ્ચ ધ્યેય જ પકડાવી દેવો હિતાવહ છે.' ઉચ્ચત્તમ તત્ત્વ છે પરમાત્મા... મનને પરમાત્માની નજીક જવાના ધ્યેયમાં ડુબાડી દઈએ તો જીવનમાં બેડો પાર થઈ જશે.

# દેશને કયાં લઈ જવો છે ?

**તંત્રીસ્થાનેથી...**

દેશભરમાં ચાલી રહેલા નાગરિકતા સુધારણા કાનૂન સામેના આંદોલનનો પ્રતિકાર કરવા હવે શાસક પક્ષે કમ્મર કસી છે. દરેક રાજયમાં ઝનૂનપૂર્વક પાર્ટીના આગેવાનો અને કાર્યકરો નાગરિકતા સુધારણા કાનૂનની સમજ આપી રહ્યા છે. એમને હવે સરકારની ઈજ્જત બચાવી લેવાની ફરજ પડી છે. આસામમાં ઓગણીસ લાખ વ્યક્તિઓ અધિકૃત નાગરિકતા સાબિત કરી શકી નથી જે પૈકી ઘણા બધા બાંગ્લાદેશથી હિજરત કરીને આવેલા હિંદુઓ છે. આથી પૂર્વોત્તર અને બાકીના હિંદુસ્તાન વચ્ચે પણ આ મુદ્દે મડાગાંઠ રચાઈ છે. આસામના સાત ટુકડા થયા પછી કેટલાંક રાજયોમાં તો લગભગ બધા જ ખ્રિસ્તી થઈ ગયા છે. એમને વળી હિંદુ હિજરતીઓને સમાવવાથી પોતાની ધાર્મિક અને લૌકિક ઓળખને ઘસારો પહોંચે એવી દહેશત છે. આથી ગૃહપ્રધાને બહુ જ આત્મવિશ્વાસપૂર્વક બેઉ ગૃહોમાં પસાર કરી દીધેલ નાગરિકતા સંશોધન કે સુધારણા બિલ વિરુદ્ધ દેશભરમાં મારે ઊહાપોહ મચવા પામ્યો છે. મુસલમાનોને દહેશત પેસી ગઈ છે કે કાયદામાં પાડોશી ઈસ્લામિક રાષ્ટ્રોમાંથી ભાગી આવેલા મુસલમાન સિવાયના લોકોને આદરપૂર્વક ભારતનું નાગરિકત્વ મળી જશે અને મુસલમાનોને કાં તો ડિટેન્શન સેન્ટરો કહેતાં જેલમાં પૂરી દેવાશે અથવા જે દેશમાંથી આવ્યા છે ત્યાં પાછા ધકેલી દેવાશે. કાયદાની આરપાર મુસલમાનોને એમનું ભવિષ્ય આ દેશમાં ધૂંધળું વરતાવા લાગ્યું છે. એથી એમને સરકાર વિરુદ્ધ શેરીઓમાં ઊતરી પ્રદર્શનો કર્યા, જે કયાંક તો હિંસક પણ બન્યાં છે. એથી નાછૂટકે પોલીસને બળ વાપરવું પડ્યું છે જેને કારણે કેટલાંક મોત પણ નીપજયાં છે. બિન ભાજપી રાજયોએ નાગરિકતા કાનૂનના અમલની ચોખ્ખી ના પાડી દીધી છે. મમતા બેનરજીએ તો પોતાની હયાતી હશે ત્યાં લગી આ કાનૂનનો પશ્ચિમ બંગાળમાં અમલ નહીં થાય - એવો હુંકાર ભર્યો છે. આવા પડકાર સાંભળવા મોદી અને શાહ ટેવાયેલા નથી. એમની પાસે કાર્યકરોની મોટી ફોજ છે. સત્તા છે, નાણાં છે. બલકે શું નથી ? અહીં બેઠાં બેઠાં તેઓ અમેરિકામાં વસતા ભારતીયોની રેલી કઢાવી પોતાના કાનૂન માટે સમર્થન મેળવી શકે છે. મલેશિયાના પ્રમુખની બોલતી બંધ કરી શકે છે, યુનોમાં આ ભારતની આંતરિક બાબત હોવા બાબતે સ્પષ્ટતા કરી દેવાઈ છે. પરંતુ ગાઉન્ડ પર, જમીન પર કંઈક કરવું પડે એમ વિચારી કાનૂનના સમર્થનમાં રેલીઓ શરૂ થઈ છે. મોદીએ રામલીલા મેદાનમાંથી ઘણાં આશ્વાસનો આપ્યાં જે મુસલમાનોને કે સેક્યુલરનો દેખાવ કરતા બૌદ્ધિકોને ગળે ઉતર્યા નથી. એમના સમર્થનમાં રહેતા એનડીએના શિવસેના અને અકાલીદળ જેવા પક્ષોએ આ મુદ્દે વેગળા રહેવાનું નક્કી કર્યુ છે તો વળી બિહાર અને ઓડિશાના મુખ્યમંત્રીઓ ઉપરાંત તેલંગાણા અને આંધ્રપ્રદેશની સરકારોએ પણ આ કાનૂનનો અમલ કરવાની ના ભણી દીધી છે. આવા કપરાં સંજોગોમાં મહારાષ્ટ્રના કોઈ ભાજપી નેતાએ 'ગોધરવાળી' કરવી પડશે - એવી ધમકી ઉચ્ચારી હતી તો વળી હરિયાણાના ધારાસભ્ય લીલારામે તો સરકાર છૂટ આપે તો સફાયો કરવામાં કલાકથી વધારે ટાઈમ નહીં લાગે એવી ચીમકી આપી છે. દેશ ક્યાં હતો અને કયાં પહોંચી ગયો છે ! શું લીલારામ કહે છે એમ હવે આ ગાંધીનો નહીં પણ મોદીનો દેશ બની ચૂક્યો છે? શું ફરી એક વાર ૧૯૪૭નું પુનરાવર્તન કરવા જઈ રહ્યો છે આ દેશ? સૌએ આ મુદ્દે ગંભીરતાપૂર્વક વિચારવાનો સમય પાકી ગયો છે. દેશ ગાંધીનો પણ નથી કે મોદી અને શાહનો પણ નથી. દેશ માત્ર ને માત્ર બધા દેશવાસીઓઓનો છે એની પ્રતીતિ નહીં કરાવીએ તો ઈતિહાસ આપણને માફ નહીં કરે.

# સુકન્યા - જેવું નામ એવા ગુણ



## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

શ્રીરામના એક પૂર્વજ રાજા શર્યાતિ હતા, પરમ ધાર્મિક અને સાત્ત્વિક પુરુષ હતા. સંતાનો બે હતા. મોટો પુત્ર આનર્ત અને નાની પુત્રી સુકન્યા. સુકન્યામાં નામ જેવા ગુણ હતા. પ્રકૃતિ પિતા જેવી સાત્ત્વિક હતી.

એમના નગરની બહાર વિશાળ અરણ્ય હતું. વનશ્રી અપાર. પરંતુ તદ્દન નિર્જન. વનમાં મધ્યમાં સરોવર હતું. અહીં એકવાર મહર્ષ ચ્યવન આવી ચડ્યા. ખરા અર્થમાં મહાન ઋષિ. સ્થિતપ્રજ્ઞ પણ એવા જ. એમને થયું - 'આ જગ્યા પવિત્ર છે, નિર્જન છે, મારી તપશ્ચર્યાને અનુરુપ છે.' એમને જગજનની જગદંબાની જનસાધના શરૂ કરી. ધ્યાનમાં સમાધિસ્થ થઈ ગયા. દેહભાવ ન રહ્યું. અન્ન જળનો ત્યાગ કર્યો હતો. દેહ ઉપર માટીના થર બાઝી ગયા. રાફડો થઈ ગયો.

શર્યાતીને થોડી ફૂરસદ હતી. સુકન્યાની ઈચ્છા વનવિહારની હતી. રાજાએ આનર્તને રાજયભર સોંપયો. પોતાના પરિવાર અને બે-ત્રણ મંત્રીઓ સાથે તેઓ અરણ્યમાં આવ્યા. સરોવર કિનારાની આ જગ્યા પસંદ પડી. તેથી અહીં પડાવ નાખ્યો.

વનની શોભાથી સુકન્યા મુગ્ધ થઈ ગઈ. બીજે દિવસે સવારે પોતાની બે સખીઓ સાથે નિકળી પડી. જે પુષ્પ ગમે, તે ચૂંટતી જાય.

એવામાં એણે માટીનો ઢગલો - રાફડો જોયો. એને આમાં કાંઈક આશ્ચર્ય લાગ્યું. 'શું છે આમાં ?' એણે પોતાની બંને હથેળીમાં કાંટો રાખ્યો. એ માટી દૂર કરતી ગઈ. ત્યાં એણે હળવી ચીસ સાંભળી. એને ભારે આઘાત લાગ્યો. 'પોતાનાથી અજાણતાં, રમત રમતમાં તપ કરી રહેલા ઋષિની બંને આંખો ફૂટી ગઈ છે.'

ચ્યવને આંખોમાં રુઝ તો મેળવી લીધી. પરંતુ એમની દૃષ્ટિ જતી રહી. શર્યાતિએ ચ્યવનની ક્ષમા માગી. ચ્યવને કહ્યું, 'ક્ષમાની જરૂર નથી. આ તો અજાણતા થયેલી ભૂલ છે. પરંતુ આ વિશાળ વન તદ્દન નિર્જન છે. કોઈના પણ સહારા વગર મારી તપસાધના આગળ કેં ચાલશે ?'

સુકન્યા પરિસ્થિતિનો તાગ પામી ગઈ. એણે પિતા પાસે પોતાનો સંકલ્પ પ્રગટ કર્યો. રાજાએ સાથેના મંત્રીની સલાહ લીધી. સુકન્યાના વિવાહ ચ્યવન સાથે કર્યા. એને તપસ્વિનીને અનુરુપ વલ્કપ આપ્યા. સુકન્યાએ હસતે મુકે પિતાને વિદાય આપી.

હવે એ સેવા સુશ્રૂષામાં લાગી ગઈ. નાનકડો આશ્રમ બનાવ્યો. ચ્યવનને સંતોષ હતો.

એકવાર અશ્વિનીકુમારો આશ્રમના અતિથિ બન્યા. તેઓ દેવોના વૈદ્ય હતા. તેઓ સુકન્યાથી પ્રભાવિત થયા. એમણે કહ્યું - 'અમે ઋષિને પહેલાંની જેમ સ્વસ્થ કરી દઈએ. તેઓ આ સરોવરમાં ઊતરે.' ચ્યવને જળાશયમાં ઊતર્યા. અશ્વિકુમારોને સુકન્યાનું પારખું કરવાનું મન થયું. તે બંને પણ એમાં ઊતર્યા.

જળાશયમાંથી ત્રણ સ્વરુપવાન યુવકો બહાર આવ્યા. સુકન્યાને મૂંઝવણ થઈ. 'આમાંથી પોતાના પતિ કોણ છે?' એણે મનોમન આ જગદંબાની સ્તુતિ કરી. ભગવતી એ તેને અંતઃપ્રજ્ઞા - આંતરિક સુઝ - આપી. એ વરતી ગઈ. 'આ ત્રણમાં વચ્ચે છે, એ પોતાના પતિ છે.' એ એની પાસે ગઈ અને પ્રણામ કર્યા. અશ્વિનકુમારો પ્રસન્ન થયા.

શર્યાતિ અને ચ્યવને આશ્રમમાં યજ્ઞ કર્યા. બંનેને નિમંત્રણ આપ્યું. એનાથી અશ્વિનીકુમારોને - જે અધિકાર ઈન્દ્ર પાસે હોય તે મળ્યો... સોમરસનો અધિકાર.

# રાજયસભાના સભ્યોની વધુમાં વધુ સંખ્યા કેટલી હોય છે?



## ખજાનો

અનિલ પટેલ

### ભારતનું બંધારણ

૧ બંધારણ સભાની ડ્રાફ્ટિંગ સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
(અ) ડૉ. સચ્ચિદાનંદ સિંહા (બ) બી. એન. રાવ
(ક) ડૉ. ભીમરાવ આંબેડકર (ડ) સરદાર પટેલ

૨ બંધારણ ઘડવાનો કુલ અંદાજીત ખર્ચ કેટલો થયો હતો ?
(અ) ૪૮ લાખ (બ) ૫૫ લાખ
(ક) ૬૦ લાખ (ડ) ૬૪ લાખ

૩ બંધારણ સભાની અંતિમ બેઠક કયારે થઈ હતી ?
(અ) ૧૫ નવેમ્બર ૧૯૪૯ (બ) ૨૪ નવેમ્બર, ૧૯૪૯
(ક) ૩૦ ડિસેમ્બર ૧૯૪૯ (ડ) ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦

૪ બંધારણ ઘડવા કેટલી સમિતિઓ રચવામાં આવી હતી ?
(અ) નવ (બ) અગિયાર
(ક) તેર (ડ) પંદર

૫ બંધારણમાં કટોકટીની જોગવાઈ કયા દેશમાં બંધારણમાંથી લેવામાં આવી છે ?
(અ) બ્રિટન (બ) ફ્રાન્સ
(ક) જર્મની (ડ) ઈટલી

૬ કઈ સાલમાં જનતાદળ સરકારે ભારતરત્ન પુરસ્કાર પર પ્રતિબંધ લગાવ્યો હતો ?
(અ) ઈ.સ. ૧૯૭૭ (બ) ઈ.સ. ૧૯૭૯
(ક) ઈ.સ.ય ૧૯૮૦ (ડ) ઈ.સ. ૧૯૮૧

૭ એડવોકેટ જનરલની નિમણૂક કોણ કરે છે ?
(અ) મુખ્યમંત્રી (બ) રાજયપાલ
(ક) ચીફ જસ્ટીસ (ડ) રાષ્ટ્રપતિ

૮ સત્યમેવ જયતે કઈ લિપિમાં લખાયેલ છે ?
(અ) હિન્દી (બ) સંસ્કૃત
(ક) ગુજરાતી (ડ) દેવનાગરી લિપિ

૯ કોઈ પણ રાજયમાં રાષ્ટ્રપતિ શાસન વધુમાં વધુ કેટલો સમય રહી શકે ?
(અ) બે વર્ષ (બ) ત્રણ વર્ષ
(ક) પાંચ વર્ષ (ડ) સાત વર્ષ

૧૦ રાજયસભાના સભ્યોની વધુમાં વધુ સંખ્યા કેટલી હોય છે ?
(અ) ૨૧૦ (બ) ૨૪૦
(ક) ૨૫૦ (ડ) ૨૬૦

૧૧ ભારતના બંધારણીય વડા કોણ છે ?
(અ) એટર્ની જનરલ (બ) વડાપ્રધાન
(ક) ચીફ જસ્ટીસ (ડ) રાષ્ટ્રપતિ

૧૨ રાષ્ટ્રપતિને પદભ્રષ્ટ કોણ કરી શકે ?
(અ) રાજયસભા (બ) સંસદ
(ક) વડાપ્રધાન (ડ) ચીપ જસ્ટીસ

૧૩ ગુજરાતમાં હાલમાં વિધાનસભાની કુલ કેટલી બેઠકો છે ?
(અ) ૧૮૦ (બ) ૧૮૨
(ક) ૧૮૫ (ડ) ૧૯૦

૧૪ રાજભાષા પંચની રચના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧૯૪૭ (બ) ૧૯૫૦
(ક) ૧૯૫૫ (ડ) ૧૯૬૦

૧૫ રાજભાષા પંચના પ્રથમ અધ્યક્ષ કોણ હતા ?
(અ) રાજેન્દ્ર બાબુ (બ) સર્વપલ્લી રાધાકૃષ્ણન
(ક) જવાહરલાલ નહેરુ (ડ) વી. જી ખેર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૭ ડિસેમ્બર :**
  - ઉર્દૂ કવિતાને અદ્‌ભૂત રંગ આપનાર ભવ્ય શાયર મિરઝા ગાલિબનો જન્મદિવસ (૧૭૯૭)
  - બોલીવુડના દબંગ અભિનેતા સલમાન ખાનનો જન્મદિવસ (૧૯૬૫)
  - પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોની ચૂંટણી રેલીમાં હત્યા (૨૦૦૭)
  - રાષ્ટ્રગીત 'જન ગણ મન' પહેલીવાર ગવાયું. (૧૯૧૧)
- **૨૮ ડિસેમ્બર :**
  - ભારતીય ઉદ્યોગપતિ સ્વ. ધીરુભાઈ અંબાણીનો જન્મદિવસ (૧૯૩૨)
  - કવિયિત્રી પન્ના ધીરજલાલ નાયકનો જન્મદિવસ (૧૯૩૩)
  - ગુજરાતના પ્રખર સમાજ સુધારક અને વિધવા પુનઃલગ્નના હિમાયતી દુર્ગારામ મહેતાની જન્મજયંતિ (૧૮૦૯)
  - કોંગ્રેસનો સ્થાપના દિવસ (૧૮૮૫)
  - રતન ટાટાનો જન્મદિવસ (૧૯૩૭)
- **૨૯ ડિસેમ્બર :**
  - મહાન સંગીતકાર પંડિત ઓમકારનાથજીનું નિધન (૧૯૬૭)
  - નાશાના સંશોધક અને વૈજ્ઞાનિક રોબર્ટ ઈ શુરનીનો જન્મદિવસ (૧૯૨૧)
  - બાબરના નિધન બાદ હુમાયુએ રાજયનો કારભાર સંભાળ્યો (૧૫૩૦)
  - ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીએ સંસદીય ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો (૧૯૮૪)
- **૩૦ ડિસેમ્બર :**
  - ભારતના ઉત્તમ કોટીના સંત રમણ મહર્ષિનો જન્મદિવસ (૧૮૭૬)
  - ગુજરાતી સાહિત્યકાર સ્વ.કૃષ્ણલાલ મો. ઝવેરીનો જન્મદિવસ (૧૯૬૮)
  - જાપાનના ટોકિયોમાં આવેલ ભીષણ ભૂકંપમાં ૩૭ હજારનાં મોત થયાં (૧૭૦૩)
  - ભારતના મહાન વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈનું અવસાન થયું (૧૯૭૧)
- **૩૧ ડિસેમ્બર :**
  - લોકભારતી સણોસરાના સ્થાપક અને કેળવણીકાર નાનાભાઈ ભટ્ટનો જન્મદિવસ(૧૮૮૨)
  - આસામના ચેરાપુંજીમાં ૨૨૦૯૦ મી.મી. વરસાદ પડવાથી વિશ્વ વિક્રમ સર્જાયો. (૧૮૬૧)
  - થોમસ આલ્વા એડીશને પ્રથમ વખત બલ્બનું પ્રદર્શન કર્યું (૧૮૭૯)
  - રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા (૧૯૮૪)
- **૧ જાન્યુઆરી :**
  - ભૌતિકશાસ્ત્રી સત્યેન્દ્ર બોઝનો જન્મદિવસ (૧૮૯૪)
  - પ્રવિણ જોષીની જન્મજયંતિ (૧૯૩૪)
  - સમુંત મહેતાની જન્મજયંતિ (૧૮૭૭)
- **૨જી જાન્યુઆરી :**
  - સાહિત્યકાર બળવંતરાય ઠાકોરનું નિધન (૧૯૫૨)
  - ગુજરાતી ગઝલમાં અમર નામ કરનાર બરકત અલી ગુલામ અલી વિરાણીનું નિધન (૧૯૯૪)
  - સાહિત્યકાર પ્રહલાદ પારેખની પુણ્યતિથિ (૧૯૬૨)
  - ભારતીય ક્રિકેટર રમણ લાંબાનો જન્મદિવસ (૧૯૬૦)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કઈ યુનિવર્સિટીમાં પોલીસ દમન થતાં વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે ?**

**જવાબ : જામિયા મિલીયા ઈસ્લામિયા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૪) મહેશ જાદવ : રાયસણ (૫) શિવાંગ બી પટેલ : સરગાસણ (૬) નટુભાઈ દરજી : પેથાપુર (૭) રૂહાર્દિક ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ઝારખંતમાં હેમંત શોરેન કયા પક્ષના નેતા છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# નાતાલના તાલમાં તાલ સે તાલ મિલા?



## હળવે હૈયે

પ્રકાશ લાલા

'બેગાની શાદીમેં, અબ્દુલ્લા દિવાના... ઐસે મનમોજી કો મુશ્કિલ હૈ સમજાના...' લલકારતા લલકારતા લાલાકાકા આવ્યા.

'કેમ અંકલ, આ ગીત યાદ આવ્યું '

'નાતાલનો તાલ જોઈને સ્તો, પનુભાઈ... ક્રિસમસ પાર્ટીઓની જાહેરાતો અને આપણા વાળાઓનો ક્રિસમસ ઊજવવાનો ઉત્સાહ જોઈને સ્તો...'

'એટલે ?'

'પનુભાઈ, ખ્રિસ્તી ભાઈ-બહેનો ક્રિસમસ ઉજવે તે બરાબર છે... એમનો તહેવાર છે... પણ ૨૫મી ને ૩૧ ડિસેમ્બરે બીજા બધાય મોડી રાત સુધી નાચશે - કૂદશે, ખાશે-પીશે...'

'તો એમાં વાંધો શું છે, અંકલ?'

'પનુભાઈ, નાતાલ-ક્રિસમલ પરદેશનો તહેવાર ને છતાં આપણે એ ઊજવવા ઘેલા ઘેલા થઈ જઈએ છીએ.... એ કેવું ?'

'હોય અંકલ, એ તો !'

'શું ધૂળ હોય ?'

'લાલાકાકા, મૂળે આપણે ઉત્સવપ્રેમીઓ છીએ.... હાડમારી ભરી જિંદગીમાં થોડા થોડા અંતરે આવી ઊજવણી કરતા રહીએ તો હાડમારી ભૂલાય ને થોડો ટાઈમ ખુશી અનુભવાય, બીજું શું?'

'એ તો બરાબર પણ....'

' વળી અંકલ, આપણે ભારતીયો ઉદાર દિલવાલાને 'મારું-તારું'નો ભેદભાવ નહીં રાખનારી પ્રજા છીએ... એટલે બીજાના તહેવારો - ઉત્સવોને આપણા પોતાના જ માની લઈએ છીએ ને હોંશે હોંશે એનીય ઊજવણીઓ કરવામાં પાછા પડયા નથી.... ભારતીય સંસ્કૃતિ તો 'વસુધૈવ કુટુંબકમ્' મા માનનારી છે ને !

'એ ખરું... ચાલો માની લીધું કે લોકોને આ જોઈએ છે. વેપારીઓ - રેસ્ટોરન્ટવાળાઓ ધંધાની રીતે એને આવકારે તેય સ્વભાવિક છે પણ...'

'પણ શું, અંકલ ?'

'આ સરકાર ક્રિસમસ નિમિત્તે 'કાંકરિયા કાર્નિવલ'નું આયોજન કરી પરદેશી તહેવારને મહત્ત્વ કેમ આપે છે તે સમજાયું નથી, યાર !

'અંકલ,તમને તો ખબર જ હશે પહેલાંના વખતમાં રડતા - પજવતા બાળકને અફીણ આપીને ઘેનમાં નાખી - સૂવડાવી દેવાતું... મા-બાપને નિરાંત...'

'હા.... એમ કરાતું હતું જૂના વખતમાં... પણ એ વાત અત્યારે તમે કેમ યાદ કરી ?'

'સરકાર પરદેશી કે દેશી, જાત જાતના ભાતભાતના ઉત્સવો કેમ કરે છે એમ પૂછ્યું એટલે...'

'મતલબ ?'

'અંકલ પ્રજાને આવા ઉત્સવો - ઉજવણીઓને ઘેનમાં નાખી દેવાની એટલે એ પોતાને પજવતા પ્રશ્નો માટે સરાકરનો જીવ ન ખાય... માટે...'

'ઓહ ! પનુભાઈ, શિયાળો હજી જામતો નથી... ઠંડી પડતી નથી...'

'હા હોં... અંકલ... પહેલાં તો હિમાચલ પ્રદેશમાં બરફ પડે. હિમવર્ષા થાય એટલે બીજા - ત્રીજા દિવસે આપણે ત્યાં ઠંડીનો ચમકારો અનુભવાતો પણ આ વખતે જમ્મુ-કાશ્મીર, સિમલા - મનાલી - હિમાચલમાં બરફ બરફ થઈ જવા છતાં જોઈએ એવી ઠંડી અહીં સુધી આવતી નથી...'

'તે ક્યાંથી આવે...? આખા દેશમાં ચારેકોર તાપણાં સળગે છે... હોળીઓ થઈ રહી છે... એની ગરમીમાં ઠંડી શેની અનુભવાય !'

'હાં, હોં અંકલ... મંદી-મોંઘવારીનું તાપણું, નાગરિક બિલનું તાપણું, કથળતા જતા અર્થતંત્રનું તાપણું... એ બધાંની ગરમી દઝાડતી હોય ત્યાં ઠંડી ક્યાંથી ધ્રૂજાવે, બરાબર ને ?'

'સાવ સાચું કહ્યું, હોં... જવાદો આ બધી વાત... પનુભાઈ, તમે નવો ફલેટ નોંધાવ્યો... પાર્ટી આપો, યાર...'

'ચૂપ.... ચૂપ, અંકલ... તા. ૩૧ ડિસેમ્બર સુધી 'પાર્ટી' શબ્દ નહીં બોલવાનો....'

'પણ કેમ ?'

'અરે નાતાલના માહૌલમાં આપણે સાદી પાર્ટીની વાતનેય લોકો બીજી પાર્ટી સમજી લે ને આપણે દારૂ શબ્દથીય અભડાઈ જનારા નાહકના બદનામ થઈ જઈએ... માટે, અંકલ...'

'તો પછી તમારી પાર્ટી કયારે ?'

'ચૂપ... ચૂપ.... કહ્યં ને કે હમણાં 'પાર્ટી' શબ્દ નહીં બોલવાનો...'

'હેં ?'

'હા...'